મોડાસા ચાર રસ્તાથી બસસ્ટેન્ડ રોડ વચ્ચે નાખેલ લોખંડની રેલિંગ તૂટી જતા પ્રાણ ઘાતક

ઠેક ઠેકાણે રેલિંગ કાપી નાખતા અકસ્માતનો ખતરો : રેલિંગ કાપનાર સામે પાલિકાતંત્ર પગલાં ભરે તેવી માંગ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાર રસ્તાથી બસસ્ટેન્ડ રોડ સુધી અકસ્માત ઘટાડવા રોડની વચ્ચે

ડિવાઈડર તેમજ લોખંડની રેલિંગ નાખવા આવી છે. ત્યારે કેટલાક તત્વો દ્વારા પોતાના સ્વાર્થ ખાતર ઠેર ઠેર લોખંડની રેલિંગ કાપી ગેરકાયદેસર રસ્તા કરવામાં આવ્યા છે જેને લઈ અકસ્માતનો ખતરો ઉભો થવા પામ્યો છે. ત્યારે નગરપાલિકાની મિલકતને નુકશાન પહોંચાડનાર તત્વો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે. તદઉપરાંત લોખંડની રેલિંગ કેટલીક જગ્યાએથી તૂટી રોડ પર રેલાતા અહીંથી પસાર થતા વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. જેથી નગરપાલિકા તંત્ર દ્વારા લોખંડની રેલિંગનું સમારકામ હાથ ધરવામાં આવે તે ખુબ જરૂરી છે.

મોડાસા શહેરના ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ વિસ્તાર સુધીના માર્ગ પર અકસ્માતની ઘટનાઓ નિવારણ માટે રોડ પર ડિવાઈડર બનાવી સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવી છે અને સમગ્ર ડિવાઈડર લોખંડની રેલિંગ ફિટ કરી વાહનચાલકો અને પ્રજાજનો માટે સેફટી રાખવામાં આવી છે ત્યારે કેટલાક લોકોએ ઠેર ઠેર રેલિંગ કાપી નાખી લોકોની અવરજવર માટે રસ્તો બનાવી દેતા આ રસ્તાનો ઉપયોગ લોકો અને રખડતા ઢોર પણ કરતા હોવાથી અકસ્માતનો ખતરો ઉભો થયો છે. પોતાના સ્વાર્થ ખાતર નગરપાલિકા દ્વારા નાખવામાં આવેલ લોખંડની રેલિંગ કાપી નાખતા લોકોમાં રોષ ફેલાયો છે. લોકોની સલામતી માટે લાખ્ખોના ખર્ચે લોખંડની રેલિંગ નાખવામાં આવી છે ત્યારે લોકોની સલામતી સાથે ચેડાં કરનાર તેમજ નગરપાલિકાની સરકારી મિલકતને નુકશાન કરનાર તત્વો સામે કાર્યવાહી કરવામાં આવે તે ખુબજ જરૂરી છે.

મોડાસા ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ સુધીના માર્ગ પરના ડિવાઈડર પર નાખવામાં આવેલ લોખંડની રેલિંગ તૂટી જઈ ધારદાર સળિયા રોડ પર આવી જતા અહીંથી પસાર થતા વાહનચાલકો માટે જીવલેણ સાબિત થાય તે પહેલા સમારકામ કરવામાં આવે તેવી લોકોની માંગ પ્રબળ બની છે. નગરપાલિકા તંત્ર દ્વારા આ લોખંડની રેલિંગ વાહનચાલક માટે પ્રાણઘાતક સાબિત થાય તો નવાઈ નહિ.

રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અને કેન્દ્રના રાજ્યમંત્રી મનસુખભાઈ માંડવિયા આજે ઉમેદવારી પત્ર ભરવા માટે તેમના સમર્થકો સાથે સાયકલ રેલી યોજી અને પહોંચ્યા હતા. તેમની સાથે આ સાયકલ રેલીમાં ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ, પૂર્વ ગુડા ચેરમેન આશિષભાઈ દવે, પ્રદેશ અગ્રણી શબ્દશરણ બ્રહ્મભટ્ટ વિગેરે જોડાયા હતા.

ગાંધીનગરના વરસોડા ખાતે શ્રી સર્વોદય મંડળના હોદ્દેદારોની વરણી કરાઈ

પ્રાંતિજ, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વરસોડા ખાતે શ્રી સર્વોદય મંડળ વરસોડાની સામાન્ય સભા અનોપકુંવરબા વિધાલય ખાતે મળી હતી. જેમાં શ્રી સર્વોદય મંડળના પ્રમુખ તરીકે વરસોડા સ્ટેટના ઠાકોરસાહેબ જયવિજયસિંહજી જોરાવરસિંહ ચાવડા, મંત્રી તરીકે ભરતસિંહ ગોપાલસિંહ ચાવડા તથા ઉપપ્રમુખ તરીકે ભીખાભાઈ ચીમનલાલ શાહ તથા ખજાનચી તરીકે અજયસિંહ દીપસિંહ ચાવડા તેમજ આંતરિક ઓડીટર તરીકે સંજયકુમાર જીતેન્દ્ર કુમાર શાહ સર્વેની સર્વાણુમત્તે બિનહરીફ વરણી કારોબારી સભ્યો દ્વારા સામાન્ય સભામાં કરવામાં આવી હતી.

મોડાસાની સરસ્વતી બાલમંદિર મંડળનો શારદોત્સવ યોજાયો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં ચાર દાયકાથી સેવા આપતી શ્રી સરસ્વતી બાલમંદિર મંડળનો ૬૯મો વર્ષાન શારદોત્સવ મોડાસા નગરપાલિકા ટાઉનહોલમાં મંડળના પ્રમુખ નિલેષ જોષી, ધારાસભ્ય રાજેન્દ્ર ઠાકોર, નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ, તત્વ ફાઉન્ડેશનના ટ્રસ્ટી કિરીટ પટેલ અને નગરજનોની હાજરીમાં દબદબાભેર ઉજવાયો હતો.

બાલમંદિરના બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કર્યા. જ્યારે પ્રા. શાળાના બાળકોએ ગુજરાતી લેરી લારા, રાણા શેરમાં, જેવા ગરવી ગુજરાતની નૃત્ય સાથે રજુઆતો કરી હતી. સૌને આનંદવિભોર કર્યા હતા. ત્યારબાદ વર્ષ દરમ્યાન શૈક્ષણિક તથા અન્ય પ્રવૃત્તિમાં વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીનીઓને મહેમાનો દ્વારા ઈનામો આપી સન્માનવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં શાળાની કામગીરી જોઈ મહેમાનો દ્વારા દાનની જાહેરાત કરવામાં આવી. ધારાસભ્યના ફંડમાંથી ૨ લાખ, કિરીટ પટેલે ૩૧૦૦૦, અન્ય મહેમાનોએ પણ દાન આપી શાળાના શિક્ષક પરિવાર મંડળના કામની સરાહના કરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળના પ્રમુખ તથા ઉપપ્રમુખ હરિહર ઉપાધ્યાય, મંત્રી અલ્પેશ ગાંધી, નવનિત પરીખ, મુકુંદ શાહ, હિતેન્દ્ર જોષી, વિનોદ પટેલ તથા શાળાના આચાર્ય અને સ્ટાફ પરિવાર તથા શાળા પરિવારે આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમ નગરજનોને ઉત્સાહેભ ઉજવ્યો હતો.

યુનિસેફ સંસ્થાની ટીમે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘની મુલાકાત લીધી

યુનિસેફ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી બાળ સંરક્ષણ મુદ્દે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારશ્રીના સહયોગથી જુદી જુદી કામગીરી કરી રહ્યા છીએ. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વંચિત પરીવારોને સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ સાથે સાંકળીને બાળ લગ્ન, બાળ મજુરી, શિક્ષણથી વંચિત બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં પાછા જોડવા જેવા વિવિધ બાળકોના સંરક્ષણના પ્રશ્નો હલ કરી શક્યા છીએ. પરંતુ બનાસકાંઠા જિલ્લો ૧૪ તાલુકા, ૧૨૫૬ ગામ ધરાવનાર સૌથી મોટો સામાજિક આર્થિક પછાત ઓળખાતો જિલ્લો છે. અને આખા જિલ્લામાં બાળકોના સંરક્ષણના વિવિધ મુદ્દાઓ પર ઘણુ બધુ કામ કરવાની હજુ પણ જરૂર છે. તો આ બાબતે વધુ કામ કરવા માટે સહકારી સંસ્થાઓની ભાગીદારી જરૂર હોઈ, તેમજ સહકારની માતા સમાન બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુર સમગ્ર જિલ્લામાં આશરે ૫ હજારથી વધુ સહકારી સંસ્થાનું નેટવર્ક ધરાવનાર સંઘ છે. જે મોટા ભાગે જિલ્લાના તમામ ગામડાઓ સુધી સહકાર થકી લોકોનો વિકાસ થાય તેમજ શિક્ષણ, પ્રચાર પ્રસારની ઉમદા કામગીરી કરી રહ્યો છે ત્યારે આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનિસેફના ચાઈલ્ડ પ્રોટેકશન ઓફીસર ચેતનાબેન, યુનિસેફના કેશવભાઈ કરણાવત હાજર રહીને સંઘની કામગીરી નીહાળી હતી. અને સંઘની વિવિધ માહિતી મેળવી હતી. જેમાં સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર આર.એમ. પટેલ, સંઘના એકાઉન્ટન્ટ ભારમલભાઈ પટેલ, નરેશભાઈ પટેલ, કિશોરભાઈ, બી.વી. મેવાડા હાજર રહીને જરૂરી માહિતી પુરી પાડી હતી.

રાષ્ટ્ર સેવાના ઉમદા હેતુ સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત 'ભારત સ્કાઉટ ગાઈડ સંઘ' ગુજરાત રાજ્ય ૨૭મી રાજ્ય રેલી અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ સંત મંડળ સહિત માણસા પધાર્યા હતા તથા રાષ્ટ્રહિત સાથે જોડાયેલા આ ભારત સ્કાઉટ ગાઈડ સંઘના એક હજારથી પણ વધુ બાળકોને તથા તમામ હોદ્દેદારોને પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે આશિર્વાદ સહ અભિનંદન પાઠવ્યા હતા. આ ભારત દેશની સેવા એ જ પ્રભુ સેવા છે, દેશની સેવા માટે વધુ તત્પર અને સમર્પિત બનવા હાકલ કરી હતી.

વૈશ્વિક કક્ષાએ ગુજરાતની બ્રાન્ડ ઈમેજ ઉભી કરવામાં માહિતી ખાતાનું અમૂલ્ય યોગદાન : પ્રદિપસિંહ

માહિતી અને પ્રસારણ વિભાગની ૧૨૬ કરોડની અંદાજપત્રીય માંગણીઓ મંજૂર

માહિતી પ્રસારણ મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, "સેવા એજ સાધના શબ્દની આરાધના"ના મંત્રને ચરિતાર્થ કરતું માહિતી ખાતુ રાજ્ય સરકારના હૃદય સમાન છે. ગુજરાતની વૈશ્વિક કક્ષાએ આજે બ્રાન્ડ ઈમેજ બની છે અને સૌ ગુજરાતીઓ ગૌરવભેર માથુ ઉંચકી ને ગુજરાતી તરીકેનો આનંદ મેળવી રહ્યા છે. એ ઈમેજ ઉભી કરવામાં રાજ્યના માહિતી ખાતાનું અમૂલ્ય યોગદાન છે.

આજે વિધાનસભા ગૃહમાં માહિતી અને પ્રસારણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ રજૂ કરતાં મંત્રીશ્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, દેશમાં ગુજરાત રોલ મોડલ છે તેમાં આ વિભાગે દિલ દઈને કામ કર્યું છે. રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં માહિતી વિભાગ આજે આશીર્વાદરૂપ પુરવાર થઈ રહ્યો છે. પ્રવર્તમાન યુગમાં આજે સોશ્યલ મીડિયાનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે તેનો પણ મહત્તમ ઉપયોગ ટેક્નોલોજી દ્વારા વિભાગ કરી રહ્યું છે. ફેસબુક, ટવીટર, યુ-ટ્યુબ અને વોટ્સઅપના માધ્યમ દ્વારા માહિતીનું આદાન–પ્રદાન સમયસર કરવામાં આવે છે. જેના લીધે મીડિયાને માહિતી બનતી ત્વરાએ પહોંચે છે.

મંત્રી શ્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, કોંગ્રેસની સરકારોમાં માહિતી ખાતાનો કેટલો દુરૂપયોગ થતો હતો તે દુનિયા સારી રીતે જાણે છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાઓ પણ જે તે સમયે ઓલ ઈન્ડિયા રેડીયો અને માહિતી ખાતા દ્વારા ભાષાંતર કરવામાં આવતું હતું. જસ્ટિસ શાહ કમિશનના રીપોર્ટ અનુસાર દેશમાં જ્યારે ૨૬ જૂન-૧૯૭૫ના રોજ કટોકટી લાદવામાં આવી હતી તે સમયે બીજા દિવસે અખબારોના પ્રકાશન ઉપર પણ રોક લગાવવામાં આવી હતી. તે કોંગ્રેસની માનસિકતા છતી કરે છે. તેમણે કહ્યું કે, ફિલ્મ ડિવીઝન અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો દુરૂપયોગ પણ કરાતો હતો.

તેમણે કહ્યું કે, મતોના રાજકરણ માટે કોંગ્રેસ દ્વારા કાયમ તૃષ્ટિકરણની રાજનીતિનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે. તાજેતરમાં ગુજરાતની ચૂંટણીઓ દરમિયાન તેમના નેતાઓ ખાલી ફોટો પડાવવા માટે મંદિરમાં જતા હતાં છતાં પણ પ્રજાએ તેમને પારખીને જાકારો આપ્યો છે, અમે તો સંસ્કૃતિનું જતન કરનારા લોકો છીએ. દંભી વાતો કરવામાં અમારી સરકાર ક્યારેય માનતી નથી. એટલે જ પ્રજાએ અમને સતત ૨૨ વર્ષથી સુકાન સોંપ્યું છે અને અમે સેવા કરી રહ્યા છીએ.

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દરેક ગામ, તાલુકા દીઠ પ્રશાસન દ્વારા ગટર વ્યવસ્થા, સફાઈની વ્યવસ્થા નિયમિત દેખાતી હોય છે. જ્યારે અરવલ્લી જિલ્લાના માલપુર નગરમાં વિપરીત પરિસ્થિતિ જોવા મળે છે. માલપુરમાં રુઘનાથપુર રોડ બગીચા વિસ્તારમાં આવેલી મુખ્ય ગટરમાં સમગ્ર ગામનું ગંદુ પાણી એકઠું થાય છે. તેમજ અન્ય વાસી કચરો તેમાં ઠલવાતો જોવા મળી આવે છે જે ગટરની પાસે જ સ્કૂલ આવેલી છે. જ્યાં નાના બાળકો અભ્યાસ કરે છે. બાળકોના સ્વાસ્થય સાથે પણ ગંભીર નુકસાન થઈ રહયું છે. જે અનુલક્ષીને હિન્દૂ યુવા વાહીની અરવલ્લી જિલ્લા અધ્યક્ષ હર્ષ પંડયા, મહામંત્રી મહેશ જાગડા તેમજ પ્રશાંત પંડયા દ્વારા વારંવાર રજુઆત કરવા છતા પણ કોઈ નક્કર પગલાં જોવા મળતા નથી અને ગટરમાં ભરાયેલા કચરાના લીધે ખૂબ જ ગંદી વાસ તેમજ જીવલેણ મચ્છરોનો ત્રાસ આસપાસના રહીશોને વર્તાઈ રહયો છે તેમજ રોગચાળાની શક્યતાઓ રહેલી જોવા મળે છે, હિન્દુ યુવા વાહીનીની માંગ અનુસાર ઝડપથી આ ગટર સમસ્યાનો કાયમી હલ કરવામાં આવે તેમજ સમસ્યાનો નિકાલ કરવામાં આવે.

ભાજપ શાસિત પાલનપુર પાલિકાની ઘોર નઘરોળતા વચ્ચે

પાલનપુરમાં રહીશોની ગાંધીગીરી : જાતે જ રોડના ખાડા પુરી જતાવ્યો અનોખો વિરોધ

૧૫ દિવસમાં રોડ નહી બને તો આંદોલનની ચીમકી : સ્થાનિક નગરસેવકોએ હાથ અધ્ધર કરી દેતા રહીશોએ કરવી પડી ગાંધીગીરી

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની ઘોર નિષ્ક્રિયતાને પગલે પાલનપુરવાસીઓએ હવે ગાંધીગીરી કરી પાલિકાના શાસકો નો કાન આમળવાનો પ્રયાસ કર્યો હતો. પાલનપુરના દિલ્હીગેટથી બિજેશ્વર કોલોની સુધીના બિસ્માર માર્ગ અંગે અવાર નવાર રજુઆત કરવા છતા પાલિકા દ્વારા કોઇ કામગીરી આવી નથી. ત્યારે ગતરોજ સ્થાનિક રહીશોએ રસ્તા ઉપર પડેલા ખાડા પુરી ગાંધીગીરી કરી હતી. અને આગામી પંદર દિવસમાં રોડ નહી બનાવવામાં આવેતો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી હતી.

વિકાસના નામે રોડ બનાવી કટકી કમિશનમાં રત રહી વિવાદોના વમળમાં રહેતી ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં શહેરના દિલ્હીગેટથી બિજેશ્વર કોલોનીનો માર્ગ છેલ્લા કેટલાક સમયથી બિસ્માર હાલતમાં છે. જેના કારણે આ માર્ગ ઉપરથી પસાર થતા રાહદારીઓ સહિત વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે ભાજપ શાસિત પાલનપુર નગરપાલીકાના સત્તાધીશોને અવાર નવાર રજુઆત કરવા છતા પાલિકા દ્વારા આંખ આડા કાન કરી રોડ બનાવવામાં આવતો નથી. જયારે સ્થાનિક નગરસેવકોએ પણ પોતાની પીપુડી વાગતી ન હોવાનું જણાવી હાથ અધ્ધર કરી દેતા રવિવારે સ્થાનિક રહીશો ગાંધીગીરી ઉપર ઉતરી આવ્યા હતા. જેઓ નગર પાલિકાની રાહ જોયા વગર પોતાની જાતે ખાડા પૂર્યા હતા.આ અંગે આશાબેન રાવલ, રવિભાઈ સોની સહિત સ્થાનિક રહીશોએ જણાવ્યુ હતુ કે પંદર દિવસમાં રોડ નવિન બનાવવામાં નહી આવે તો આગામી સમયમાં નગરપાલિકા સામે ઉગ્ર વિરોધ કરવામાં આવશે જેની સંપૂર્ણ જવાબદારી પાલિકાના સત્તાધીશોની રહેશે.

વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યરત છે. જયારે આ આંગણવાડીમાં આવતા ૦ થી ૫ વર્ષના ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા પૈકી ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૩૧૧૬ છે. જયારે અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૫૩૨ છે. કુલ ૩૬૪૮ બાળકો ઓછા વજનવાળા છે. જયારે બાળકોના પોષણ સ્તરમાં સુધારો કરવા માટે બાળકોને સવારે માતૃમંડળ દ્વારા ગરમ નાસ્તો આઇ સી ડી એસ યોજના અંતર્ગત બપોરનુ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે. જયારે ઓછા વજનવાળા બાળકોને કેલેરી પ્રોટીન સભર લાડુ બનાવી ઘરે લઇ જવા માટે આપવામાં આવે છે. બાળકોને આરોગ્ય સારવાર પુરી પાડવામાં આવે છે. બાળકોને દિવસમાં પાંચવાર પોષણયુક્ત ખોરાક અને જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.

● **કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ૯૮ કન્યાઓનો અભ્યાસ**

ગાંધીનગર જિલ્લા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શરૂ કરવામાં આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કયા તાલુકામાં છે અને તેમાં કેટલી બાલિકા અભ્યાસ કરે છે. દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં શિક્ષણમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ દહેગામ તાલુકાના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ૯૮ કન્યાઓ અભ્યાસ કરે છે. વિદ્યાલયમાં કન્યાઓને વિના મુલ્યે રહેવાની જમવાની સુવિધા આપવામાં આવે છે.

વિમાન દુર્ઘટના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉતરાણ કર્યા બાદ રનવે પર વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું હતું. તેમાં આગ ફાટી નિકળી હતી. આ વિમાનને કોટેશ્વર ઉપર રનવેની દક્ષિણી બાજુથી ઉતરાણ કરવાની મંજુરી અપાઈ હતી પરંતુ તે આ વિમાને ઉત્તર બાજુથી ઉતરાણ કર્યું હતું. રનવે ઉપર દુર્ઘટનાગ્રસ્ત વિમાનને લઇને તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. ૫૦થી વધુ મૃતદેહ સ્થળ પર મળી આવ્યા છે. કાટમાળથી મૃતદેહ કાઢવામાં આવ્યા છે. સરકારી પ્રવક્તાના કહેવા મુજબ આ ખુબ જ મોટી દુર્ઘટના થઇ છે. આ દુર્ઘટના થયા બાદ નેપાળના ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાની મથકને થોડાક સમય માટે વિમાની સેવા માટે બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. યુએસ-બાંગ્લા એરલાઈન્સ યુએસ બાંગ્લા ગ્રુપના એક યુનિટ તરીકે છે. બાંગ્લાદેશની સંયુક્ત સાહસની કંપની છે. બાંગ્લાદેશી કેરિયરની શરૂઆત જુલાઈ ૨૦૧૪માં કરવામાં આવી હતી. આ કંપની બોઈંગ વિમાન અને બોમ્બાર્ડિયર વિમનોનો ઉપયોગ કરે છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. સિવિલ એવિએશન ઓથોરિટી ઓફ નેપાળના ડિરેક્ટર જનરલ સંજીવ ગૌત્તમે કહ્યું છે કે, રનવે ઉપર લેન્ડ કરતી વેળા વિમાનનું સંતુલન બગડી ગયું હતું. કારણો જાણવાના પ્રયાસ થઇ રહ્યા છે. અધિકારીઓએ વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હોવાની શાંકા વ્યક્ત કરી છે. વિમાન ઉતરાણ કરતી વેળા આગળની તરફ વળી જતાં આગ ફાટી નિકળી હતી. આ વિમાન નજીકના ફુટબોલ ગ્રાઉન્ડમાં પડ્યું હતું. વિમાને બપોરે ૨.૨૦ વાગે કાઠમંડુમાં ઉતરાણ કર્યું હતું. આ પહેલા પ્રવાસ મંત્રાલયના જોઇન્ટ સચિવ સુરેશ આચાર્યએ માહિતી આપતા કહ્યું છે કે, ૧૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ આ બનાવને લઇને દુખ વ્યક્ત કર્યું છે. બચાવ કામગીરી કલાકો સુધી જારી રહી હતી. મૃતકોની ઓળખ હજુ સુધી થઇ શકી નથી.

જેલવાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા તેમની ધરપકડ કરવાં આવ્યા બાદથી તે કસ્ટડીમાં છે. આજે તપાસ સંસ્થાએ ૧૫ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીની માંગ કરી હતી અને એવો દાવો કર્યો હતો કે, કાર્તિ પુછપરછ દરમિયાન બિલકુલ સહકાર કરી રહ્યા નથી. પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પરના સમગ્ર ગાળા દરમિયાન કાર્તિ ચિદમ્બરમ બિલકુલ સહકાર આપી રહ્યા નથી. પ્રશ્નોના જવાબ પણ આપી રહ્યા નથી જેથી સીબીઆઈ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. સીબીઆઈએ કોર્ટમાં કહ્યું હતું કે, આરોપી તરફથી સહકાર વગર પણ આ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે. સીબીઆઈએ કોર્ટમાં કહ્યું હતું કે, પ્રવર્તમાન સંજોગો હેઠળ જ્યારે બાબતો વધુ જટિલ બની ગઈ છે ત્યારે આ ગંભીર આર્થિક ગુનાના મામલામાં કાર્તિ ચિદમ્બરમને કસ્ટડીમાં રાખવાની જરૂર છે. ૧૫ દિવસની કસ્ટડીની માંગ કરવામાં આવી હતી જેની સામે ૧૨ દિવસની કસ્ટડી મંજુર કરવામાં આવી છે. આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં રિમાન્ડ ઉપર રાખવામાં આવશે. મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં સીબીઆઈ દ્વારા તેમની પુછપરછ ચાલી રહી છે. પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ સામે પણ તપાસ પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. આઈએનએક્સ મિડિયામાં રોકાણ મંજુરીનો મામલો એ વખતે સપાટી ઉપર આવ્યો હતો તેમના પિતા ચિદમ્બરમ નાણામંત્રી તરીકે હતા. કંપનીમાં એ વખતે પીટર અને ઈન્દ્રાણી મુખર્જીની માલિકી હતી. આ દંપત્તિ હાલમાં હત્યાના કેસમાં જેલમાં છે. ઈન્દ્રાણીની પુછપરછ બાદ જ સીબીઆઈએ કાર્તિની ધરપકડ કરી હતી. બીજી બાજુ કાર્તિનો આક્ષેપ છે કે, રાજકીય દ્વેષભાવ રાખીને સીબીઆઇ દ્વારા તેમની સામે તપાસ કરવામાં આવી રહી છે. સીબીઆઈ કેન્દ્ર સરકારના ઈશારે કામ કરી રહી છે. તેમના પિતા ચિદમ્બરમની પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસ થઇ રહ્યા છે. ઈન્દ્રાણી અને તેના પતિ પીટરે આક્ષેપ કર્યો છે કે, તેઓએ તેમના પિતા તરફથી ત્રણ કરોડ રૂપિયાની લાંચ કાર્તિને ચુકવી હતી. ચિદમ્બરમ એ વખતે નાણામંત્રી તરીકે હતા. સાથે સાથે ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડના વડા પણ હતા. આ બોર્ડ વિદેશી ફંડ મેળવવા કંપનીઓને મંજુરી આપવા માટે નોડલ એજન્સી તરીકે કામ કરી રહી હતી.

માંગણીઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાજને મોડેથી આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, મોટાભાગની માંગણી સ્વીકારી લેવામાં આવી છે. મિટિંગ પહેલા ફડનવીસે કહ્યું હતું કે, પહેલા જ દિવસે જ વાતચીત કરવામાં આવી ચુકી છે. ખેડૂત નેતા અજીત નવલેએ અગાઉ કહ્યું હતું કે, સરકાર સામે આક્રમક વલણ અપનાવવામાં આવનાર છે. આજે સવારે ૩૦ હજારથી પણ વધુ સંખ્યામાં ખેડુતો તેમના ખેતરોને છોડીને મુંબઈમાં પહોંચ્યા છે. સવારે તમામ ખેડુતો ઐતિહાસિક આઝાદ મેદાન ખાતે એકત્રિત થયા હતા. જો કે પરીક્ષાને ધ્યાનમાં લઈને દેખાવો ૧૧ વાગ્યે પછી શરૂ કરવામાં આવ્યા હતા. સંપૂર્ણ લોન માફી સહિતની જુદી જુદી માંગણીઓને લઈને ૩૦૦૦૦થી પણ વધુ ખેડૂતો મુંબઈ પહોંચ્યા હતા. આ ખેડૂતો વિધાનભવનો ઘેરાવ કરવા માટેની તૈયારીમાં દેખાયા હતા. લોન માફી સહિતની જુદી જુદી માંગણીઓને લઈને ખેડૂતો આક્રમક દેખાઈ રહ્યા હતા. મહારાષ્ટ્ર સરકાર ઉપર દબાણ વધારવાના મૂડમાં દેખાઈ રહ્યા હતા. તેમની જે માંગણીઓ રહેલી છે તેમાં સંપૂર્ણ લોન માફી, કૃષિ પેદાશો માટે વાજબી ભાવ અને સ્વામીનાથન કમિશનની ભલામણોને અમલી બનાવવાની બાબતનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં હાલમાં વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે ત્યારે આ પ્રકારની માંગણી કરીને સરકાર ઉપર દબાણ લાવવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા કિસાન સભાના દેખાવને લઈને દેવેન્દ્ર ફડનવીસ સરકાર ઉપર દબાણ વધી ગયું હતું. ૩૦૦૦૦થી પણ વધુ ખેડૂતો નાસિક અને અન્ય વિસ્તારોમાંથી પહોંચ્યા હતા. ધોરણ ૧૨, ધોરણ ૧૦, સીબીએસઈ ધોરણ ૧૦, ધોરણ ૧૨, આઈસીએસસી અને આઈએસસીની પરીક્ષા ચાલી રહી છે ત્યારે હજારોની સંખ્યામાં ખેડૂતો મુંબઈ પહોંચ્યા હતા. આવી સ્થિતિમાં અંધાધૂંધીને રોકવા માટે પગલા લેવાયા હતા. મહારાષ્ટ્ર સરકાર માંગને લઈને ગંભીર છે. સરકાર ખેડુતોની માંગને લઈને શુ કરે છે તેના પર નજર છે. વહીવટીતંત્રએ ખેડૂતોની સમસ્યા તરફ પુરતુ ધ્યાન આપ્યું હતું. ઐતિહાસિક મેદાન ખાતે મોરચાનું આયોજન પણ ખેડૂતોએ કર્યું હતું.

ફરાર દોષિતો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦૦ કરોડ રૂપિયા અથવા તો તેનાથી વધુની બાકી રકમ હોવા છતાં ફરાર થઈ ગયેલા શખ્સો ઉપર સકંજો મજબૂત કરવામાં આવશે. ભારતના કાયદાની પ્રક્રિયાને ટાળીને હજુ સુધી અપરાધીઓ વિદેશમાં ફરાર થઈ જતાં હતા. ભારતીય કોર્ટના અધિકાર ક્ષેત્રની બહાર રહીને આ ગુનેગારો કાયદા સાથે રમત રમતા રહ્યા છે.

હવે તેમની સંપૂર્ણ સંપત્તિ જપ્ત કરી લેવામાં આવશે. આ બિલના કારણો અને બિલમાં રહેલી જોગવાઈઓ અંગે વિસ્તારપૂર્વક માહિતી પહેલાથી જ રજૂ કરવામાં આવીચુકી છે. ફોજદારી કાર્યવાહીની જોગવાઈ પણ આમા રાખવામાં આવી છે. ભારતીય કોર્ટ તરફથી આવા અપરાધીઓ દૂર રહેવાની સ્થિતિ તેમની સામે તપાસ જારી રહેશે. આર્થિક ગુનાઓના મોટાભાગના કેસોમાં બેંક લોનની ફેર ચુકવણી નહીં થવાના કેસ વધારે રહેલા છે જેના લીધે ભારતમાં બેંકિંગ સેક્ટરની હાલત કફોડી બનેલી છે. આ પ્રકારની સમસ્યાઓને હાથ ધરવા માટે હાલમાં રહેલા કાયદામાં પુરતી જોગવાઈ રહેલી નથી. આવી સ્થિતિમાં આ બિલ રજૂ કરવામાં આવ્યું છે. આ બિલમાં કઠોર કાર્યવાહીની જોગવાઈ સાથે સાથે સંપત્તિ જપ્ત કરવા સુધીની જોગવાઈ રખાઈ છે. સૂચિત બિલ મુજબ ફરાર આર્થિક અપરાધીની પરિભાષા પણ નક્કી કરાઈ છે. જેમાં ૧૦૦ કરોડ અથવા તો તેનાથી ઉપરની રકમને આવરી લેતા ગુનાઓ કરનાર વ્યક્તિગતના મામલામાં કટોર કાર્યવાહી થશે.